**આંક–૦૬**
દાખલ તારીખ– ૨૭/૦૫/૨૦૨૬
રજી. તારીખ – ૨૭/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ – ૦૧/૦૬/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૦૫

---

# દાહોદ જીલ્લાની બીજી એડિશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ફોજદારી પરચુ. અરજી નં.૧૬૭/૨૦૨૬**

(૧) કોરમભાઈ નવલાભાઈ બારીયા
ઉ.વ.આ.૭૫, ધંધો–ખેતી,
રહે.સાદરા, સુકી ફળીયા,
તા.દે.બારીયા, જી.દાહોદ.

(૨) મહેશભાઈ નારસીંગભાઈ બારીયા
ઉ.વ.આ.૩૪, ધંધો–ખેતી,
રહે.સાદરા, સુકી ફળીયા,
તા.દે.બારીયા, જી.દાહોદ.

(૩) હસમુખભાઈ નારસીંગભાઈ બારીયા
ઉ.વ.આ.૩૧, ધંધો–ખેતી,
રહે.સાદરા, સુકી ફળીયા,
તા.દે.બારીયા, જી.દાહોદ.

(૪) સુરેશભાઈ કેહરાભાઈ બારીયા
ઉ.વ.આ.૪૦, ધંધો–ખેતી,
રહે.ઝાપટીયા, હે. કાચલા ફળીયું, તા.દે.બારીયા, જી.દાહોદ.

**.....અરજદારો**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદારો/આરોપીઓ તર્ફે – વિ.વકીલશ્રી એ.ટી.દડી**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી**

---

**– ચુ કા દો –**

(૧) અરજદારોએ હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રજુ કરી તેઓને સાગટાળા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૫૦૨૬૦૨૧૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૧૪૦(૩), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવ્યા મુજબના જુદા–જુદા કારણોસર નિયમીત જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારોની અરજી વંચાણે લીધી. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૩) અરજદારોના વિ.વકીલશ્રી એ.ટી.દડીનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદારો તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ ધરપકડ થયેલ ત્યારથી કસ્ટડીમાં છે. અરજદારોએ આક્ષેપીત ગુનો કરેલો નથી તેમજ ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવ્યા છે. અરજદારો સામે કરવામાં આવેલ આક્ષેપો તદ્દન ખોટા છે. અરજદાર નં.૧ ની દિકરીને ફરિયાદીના ભાઈ ભગાડી લઈ ગયેલા હતા તેની તપાસ કરી ઘરે જતા રહેલા. બીજી દિવસે પંચ ભેગું કરેલું

અને સોંપી દેવાની વાત કરતા હતા તે દરમ્યાન લાગી આવતા ફરિયાદીના ભાઈએ આત્મહત્યા કરેલી છે. ફરિયાદીના ભાઈના અગાઉ લગ્ન થયેલા છે. તેમને સાત વર્ષનું બાળક છે. અરજદારો કુટુંબના કમાનાર એકમાત્ર વ્યકિત છે. અરજદારો સ્થાનીક રહીશ છે અને નાસીભાગી જાય તેવા નથી. આ અદાલત ફરમાવે તે શરતોનું પાલન કરવા સંમત હોવાનું જણાવી અરજદારોને જામીનમુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદાર નં.૧ ની દિકરીને મરણજનાર સાથે પ્રેમ સંબંધ હોય બન્ને ભાગી ગયેલા જેથી અરજદારોએ મરણજનારનું અપહરણ કરી ઘરે લાવી મુઢ માર મારી ધાક ધમકી આપતા મરણજનારને લાગી આવતા આત્મહત્યા કરેલી છે. અરજદારોના નામજોગ ફરિયાદ આપવામાં આવી છે. ફરિયાદીના ઘરના સભ્યોની હાજરીમાં બનાવ બન્યો છે. ગુનાની તપાસ ચાલુ છે. અન્ય આરોપીઓને પકડવાના બાકી છે. ગુનાની ગંભીરતાને લક્ષમાં લેતા તેમજ અરજદારોની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરિયાદી વિજયભાઈ આલમભાઈ બારીયાનાએ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ સાગટાળા પો.સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદની ટુંક હકીકત મુજબ તેમના મોટાભાઈ રણજીતભાઈનું લગ્ન અગાઉ છોટાઉદેપુર જીલ્લાના રંગપુર ખાતે કરેલ હતું જેનાથી સંતાનમાં એક છોકરો રાજવીર, ઉ.વ.૭ નો છે અને તેમના ભાઈ–ભાભીએ છુટાછેડા લીધેલ હતા અને તેમના ભાઈ રણજીતને ગામના સુકી ફળીયાના કોરમભાઈ નવલાભાઈ બારીયાની દિકરી સુરતાબેન સાથે પ્રેમ સંબંધ હોવાનું તેઓએ જાણેલ હતું.

ગઈ તા.૧૪/૦૨/૨૦૨૬ ના રોજ સવારમાં તેઓ તમામ ઘરના સભ્યો ઘરે હતા તે દરમ્યાન સવારના આશરે છ–એક વાગ્યાના સુમારે તેમનો ભાઈ સુકી ફળીયામાં રહેતા કોરમભાઈ નવલાભાઈ બારીયાની છોકરી

સુરતાબેન સાથે પ્રેમ સંબંધ ચાલતો હોય તેને લઈને ક્યાંક નીકળી ગયેલ જેથી તેમના ભાઈ તથા છોકરીની સગા સંબંધીઓમાં તપાસ કરતા તેઓ બન્ને મળી આવેલ ન હોય ઘરના સભ્યો તેઓની તપાસમાં રોકાયેલા તે દરમ્યાન છોકરીના પિતા કોરમભાઈ નવલાભાઈ બારીયા તથા કુંટુંબી ભાઈ મહેશભાઈ નારસીંગભાઈ બારીયા, હસમુખભાઈ નારસીંગભાઈ બારીયા તથા સુરતાબેનનો ફોઈનો છોકરો સુરેશભાઈ કેહરાભાઈ બારીયા એ રીતેના તેમના ભાઈ તથા છોકરી સુરતાબેન એ રીતેને કાસટીયા ગામે તેમના સંબંધીને ત્યાં રોકાયેલ ત્યાંથી તેમના ભાઈનું અપહરણ કરી લાવી ગામના આગેવાન બળવંતભાઈ રામજીભાઈ રાઠવાના ઘરે લાવેલા અને વાતોવાતથી આ બાબતની જાણ થતા આશરે દસેક વાગ્યાના સુમારે તે તથા તેમના ઘરના સભ્યો ગામના આગેવાન બળવંતભાઈ રામજીભાઈ રાઠવાના ઘરે ગયેલ અને જોયેલ તો તેમના ભાઈ રણજીતભાઈને ઉપરોક્ત ચાર જણાઓ તેને ગડદાપાટુનો માર મારતો હોય આગેવાન બળવંતભાઈ તથા બીજા હાજર માણસોએ વચ્ચે પડી છોડાવતા હોય તેઓ પહોંચી જતા આ ચારેય જણા તેઓને જોઈ જતા મા–બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા જઈ તેઓને મારવા આવતા તેમના ભાઈને મનમાં લાગી આવતા બળવંતભાઈના મકાનમાં પ્રવેશી દરવાજો બંધ કરી દેતા આ ચારેય ત્યાંથી ભાગી ગયેલા અને તે પછી તેઓએ બીજા દરવાજા વાટે પ્રવેશી જોતા ઘરમાં બારીની ગ્રીલ ઉપર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાધેલ હોય જેથી તેઓ તથા હાજર માણસોએ ચેક કરતા મરણ ગયેલ હોય આ ઉપરોક્ત ચારેય આરોપીઓએ તેમના ભાઈને મરવા માટે મજબુર કરેલ હોય તેમના વિરુદ્ધ કાયદેસરની તપાસ થવા ફરિયાદ આપેલ છે.

(૬) આમ, ઉપરોક્ત હકીકતો જોવામાં આવે તો આ બનાવ ફરિયાદીની હાજરીમાં બનેલો છે. અરજદારો મરણજનાર રણજીતભાઈને ગામના આગેવાન બળવંતભાઈ રામજીભાઈ રાઠવાના ઘરે લાવેલા, ત્યાં ગડદાપાટુનો માર મારેલો. ફરિયાદી તથા બીજા લોકોએ વચ્ચે પડીને

છોડાવેલા પરંતુ અરજદારોએ ગાળો બોલી ધમકીઓ આપેલી તે લાગી આવતા મરણજનાર રણજીતભાઈએ બળવંતભાઈના મકાનમાં જઈ આત્મહત્યા કરેલી છે.

(૭) અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે આ કામના અરજદારોએ અગાઉ અત્રેની અદાલતમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુક્ત થવા માટે ફોજદારી પરચુ. અરજી નં.૧૧૧/૨૦૨૬ ની દાખલ કરેલી જે તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ ગુણદોષ ઉપર નિર્ણીત થઈ નામંજુર કરવામાં આવેલી છે. પોલીસ તપાસના કાગળો જોતા રજુ મરણજનારની શબ પરીક્ષણ નોટ વંચાણે લેવામાં આવે તો તેના કોલમ નં.૧૭ માં લીગેચર માર્ક સિવાયની બીજી ૫ (પાંચ) ઈજાઓ મળી આવેલી છે તે જોતા ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકતને સમર્થન મળે છે. આમ, અરજદારો વિરુદ્ધ પ્રથમદર્શનીય ગંભીર પ્રકારનો આક્ષેપીત ગુનો હોવાનું મળી આવે છે. આ કામે આંક–૫ થી રજુ ત.ક.અમલદારનું સોગંદનામું વંચાણે લેતા હાલના અરજદારો સિવાય ગુનામાં સંડોવાયેલ અન્ય આઠ આરોપીઓને પકડવાના બાકી છે તેમજ અરજદારોને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ફરિયાદી સાહેદોને ડરાવી ધમકાવી પુરાવા સાથે ચેડા કરે કરે તેવી શક્યતા હોવાનું જણાઈ આવે છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગોને લક્ષમાં લેતા અરજદારોની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ ની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતું ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- અરજદારો/આરોપીઓ નં.(૧) કોરમભાઈ નવલાભાઈ બારીયા, રહે.સાદરા, સુકી ફળીયા, તા.દે.બારીયા, જી.દાહોદ (૨) મહેશભાઈ નારસીંગભાઈ બારીયા, રહે.સાદરા, સુકી ફળીયા, તા.દે.બારીયા, જી.દાહોદ (૩) હસમુખભાઈ નારસીંગભાઈ બારીયા, રહે.સાદરા, સુકી ફળીયા, તા.દે.બારીયા, જી.દાહોદ (૪) સુરેશભાઈ

કેહરાભાઈ બારીયા, રહે.ઝાપટીયા, ઠે. કાચલા ફળીયું, તા.દે.બારીયા, જી.દાહોદનાઓની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

- હુકમ આજ તા.૦૧ લી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી